# માહે સપ્ટેમ્બર ૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

**General Board Date:** 19-09-2026

**Question No:** 4(1)

**Corporator Name:** RAKSHIT VASANTRAY KALOLA - Corporator : Ward 11

**Question Subject:** વોર્ડ નં.૧૧ માં કુલ કેટલા ટકા નવી પાણીની પાઈપ લાઇન (ડી.આઈ.) નખાઈ છે અને કેટલી બાકી છે? અને બાકી રહેલી કામગીરી કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે?

**Department:** BANDHKAM (WZ)

**Ward:** OTHER

**Employee:** E2634-MEHTA KUNTESHKUMAR KHANDUBHAI

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

**Answer Details:** વોર્ડ નં.-૧૧માં સરકારશ્રીની "અમૃત-૨.૦" યોજના હેઠળ નવી પાણીની પાઈપ લાઇન (ડી.આઇ.) નાંખવાની કામગીરી નવાં સમાવિષ્ટ થયેલ મોટામવા તથા લાગુ વિસ્તારોમાં અને અપડેશનની કામગીરી (એસી પ્રેસર પાઈપ લાઇન કાઢી નવી ડી.આઇ. પાઈપ લાઇન નાંખવાની) મહદ અંશે પૂર્ણ કરાયેલ છે. આ કામો કૂલ ચાર વિભાગમાં વિભાજીત કરી ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરી જુદી-જુદી એજન્સીઓને સોંપવામાં આવેલ. જે પૈકી ત્રણ ટેન્ડરનાં કામો પૂર્ણ થયેલ છે. જે ડી.આઇ. પાઈપ લાઈનોનું ટેસ્ટીંગ કરી હાલ નળ જોડાણ મારફત પાણી વિતરણ કરવામાં આવી રહેલ છે. જે પૈકી બાકી રહેતું ફક્ત એક કામ એજન્સી હાઇબોન્ડ ઈન્ફ્રા. પ્રોજેક્ટસનું પ્રગતિ હેઠળ છે. જે અન્વયે ૭૫ ટકા કામગીરી પૂર્ણ કરાયેલ છે. અને બાકી રહેતી ૨૫ ટકા કામગીરી ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ અંદાજીત ૬-માસમાં પૂર્ણ કરવામાં આવશે. આ કામની શરૂ તા.૦૩-૦૩-૨૦૨૫ થી પૂર્ણ કરવાની તા.૦૨-૦૩-૨૦૨૭ છે. જેમાંથી અંદાજે ૧૨-માસ (મોન્સુન પીરીયડ સાથે ૧૮-માસ)માં ૭૫ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે. તેમજ આ કામે પાણીની ડી.આઇ. પાઈપ લાઇનની લંબાઇ આશરે કૂલ-૮૯ કી.મી. છે. જેમાંથી ૬૮-કી.મી. કામગીરી પૂર્ણ કરાયેલ છે. બાકી રહેતી કામગીરી ૨૧-કી.મી. ઉકત દર્શાવેલ સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

વિશેષમાં વોર્ડ નં.-૧૧માં બીજો ૧૫૦ ફુટ રીંગ રોડને લાગુ સોસાયટી સ્કાય ડાયમન્ડનાં પાછળનો તમામ નવો વિકાસ પામી રહેલ વિસ્તારમાં નવી ડી.આઇ. પાઈપ લાઇન નાંખવાનું આયોજન વર્ષ ૨૦૨૬-૨૦૨૭ નાં બજેટમાં સમાવેશ કરાયેલ છે. જે મંજુર થયે પાણીની ડી.આઇ. પાઈપ લાઇન નાંખવાની કામગીરી કરી આપવામાં આવશે.

MEHTA KUNTESHKUMAR KHANDUBHAI
BANDHKAM - ASSISTANT TOWN PLANNER CIVIL — 16-09-2026 04:31 PM

**General Board Date:** 19-09-2026

**Question No:** 4(2)

**Corporator Name:** RAKSHIT VASANTRAY KALOLA - Corporator : Ward 11

**Question Subject:** વોર્ડ નં.૧૧ માં કુલ કેટલી પાણીની ફરિયાદો તા. ૦૧/૦૫/૨૦૨૬ થી આજદિન સુધી ઓનલાઈન, રૂબરૂમાં, અરજી સ્વરૂપે રા.મ્યુ.કો. ને મળેલી છે તેના આંકડા જાહેર કરવા અને તેની સંપૂર્ણ માહિતી જેમાં કેટલી ફરિયાદો પેન્ડિંગ છે અને કેટલી અરજીઓનો નિકાલ થયેલ છે તે તમામ માહિતી આપવા વિનંતી છે.

**Department:** BANDHKAM (WZ)

**Ward:** OTHER

**Employee:** E2634-MEHTA KUNTESHKUMAR KHANDUBHAI

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

**Answer Details:** વોર્ડ નં.-૧૧માં તા.૦૧-૦૫-૨૦૨૬ થી તા.૧૪-૦૯-૨૦૨૬ સુધીમાં કોલ સેન્ટર મારફત કૂલ-૩૬૮૯ તથા રૂબરૂ/અરજી સ્વરૂપે કૂલ-૫૬ ફરીયાદો મળી કૂલ-૩૭૪૫ ફરીયાદો મળેલ છે. જે અન્વયે કૂલ-૩૫૯૫ રજુઆતનો નિકાલ થયેલ છે. અને કૂલ-૧૫૦ ફરીયાદોનો નિકાલ કરવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

MEHTA KUNTESHKUMAR KHANDUBHAI
BANDHKAM - ASSISTANT TOWN PLANNER CIVIL 16-09-2026 04:33 PM

**General Board Date:** 19-09-2026

**Question No:** 4(3)

**Corporator Name:** RAKSHIT VASANTRAY KALOLA - Corporator : Ward 11

**Question Subject:** રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ પ્રાઈવેટ સોસાયટી/ગેટેડ સોસાયટીમાં પીવાના પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી માટે રાજકોટ મહાનગરપાલિકાના નલ સે જલ યોજના અથવા પાણી પુરવઠા સંબંધિત નક્કી કરાયેલા ક્રાઈટેરિયામાં આવી સોસાયટીઓનો સમાવેશ થાય છે કે નહીં? જો સમાવેશ થતો હોય તો તેના માટેના નિયમો અને પાત્રતાના માપદંડ શું છે? તેમજ પાત્રતા ધરાવતી પ્રાઈવેટ/ગેટેડ સોસાયટીઓને કોર્પોરેશન દ્વારા પાણીની લાઈન પૂરી પાડવા માટેની પ્રક્રિયા અને જવાબદારી કોની રહેશે?

**Department:** BANDHKAM

**Ward:** OTHER

**Employee:** E3784-RAVAL ATUL ANIRUDDHBHAI

**Question Detail:** રા.મ.ન.પા./જીએડી/જા.નં.૨૬૯ તા.૧૧/૦૯/૨૦૨૬ પરિપત્ર મુજબ જ સોફ્ટવેરમાં જવાબ કરવો.

**Question Date:** 11-09-2026

**Answer Details:** રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી ગેટેડ/પ્રાઈવેટ સોસાયટીઓમાં પીવાના પાણીની સુવિધા બાબતે જણાવવાનું કે, મંજૂર લેઆઉટ તથા ડેવલપમેન્ટ પ્લાન મુજબ સોસાયટીની હદમાં આવતી આંતરિક પાણી પુરવઠાની લાઈન સહિતની આંતરિક પાયાની સુવિધાઓ વિકસાવવાની પ્રાથમિક જવાબદારી સંબંધિત બિલ્ડર/ડેવલપરની રહે છે. RERA હેઠળ Internal Development Worksમાં Water Supply સહિતની સુવિધાઓનો સમાવેશ થાય છે, તેથી મંજૂર પ્લાન મુજબનું આંતરિક વિકાસકામ સંબંધિત પ્રમોટર દ્વારા પૂર્ણ કરવાનું રહે છે.

જે સોસાયટીઓ મહાનગરપાલિકાની જનભાગીદારી યોજના હેઠળ નિયત પાત્રતા અને શરતો પૂર્ણ કરતી હોય, ત્યાં યોજનાની જોગવાઈ મુજબ પાણીની પાઈપલાઈનનું કામ હાથ ધરી શકાય છે. આ માટે સંબંધિત સોસાયટીની સંમતિ, લોકભાગીદારી તથા અન્ય જરૂરી ટેકનિકલ અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોવી આવશ્યક રહે છે.

મહાનગરપાલિકાની જાહેર પાણી પુરવઠા વ્યવસ્થાની મુખ્ય પાણીની પાઈપલાઈન તથા નિયમોનુસાર મુખ્ય કનેક્શન ઉપલબ્ધ કરાવવાની કામગીરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે છે. આથી, સોસાયટીની આંતરિક પાણી પુરવઠા વ્યવસ્થા બિલ્ડર/ડેવલપર દ્વારા વિકસાવવાની રહે છે; પાત્રતા ધરાવતી સોસાયટીને જનભાગીદારી યોજના હેઠળ જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પાઈપલાઈનની સુવિધા આપવામાં આવી શકે છે; જ્યારે જાહેર મુખ્ય પાણી પુરવઠા નેટવર્ક તથા નિયમસરનું મુખ્ય જોડાણ મહાનગરપાલિકાની પાણી પુરવઠા વ્યવસ્થાનો ભાગ છે. આ રીતે લાગુ કાયદાકીય જોગવાઈ તથા મહાનગરપાલિકાની યોજનાને અનુરૂપ કામગીરી કરવામાં આવે છે.